| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા,**<br>**મહાનગર સેવા સદન,**<br>**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.** | |
|---|---|---|

**<u>અપીલ અરજી નં. ૦૧/૨૦૨૧–૨૨</u>**

**અરજદાર :–** શ્રી મનોહર રઘુનાથ પાટિલ
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

વિષય :– અરજદાર શ્રી મનોહર રઘુનાથ પાટિલની તા.૧૫/૦૩/૨૦૨૧ની મુળ અરજી આઈ.ડી.નં.૧૬૯૩ સંદર્ભે કરેલ અપીલ બાબત .
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૦/૦૪/૨૦૨૧ ની અપીલ અરજી નં.૦૧.

અરજદાર શ્રી મનોહર રઘુનાથ પાટિલની મુળ આઈ.ડી. નં.૧૬૯૩, તા.૧૫/૦૩/૨૦૨૧ સરકારી માહિતી અધિકારીશ્રી, રીક્રુટમેન્ટ વિભાગ,સુરત મહાનગરપાલિકાને સંબોધીને સાઉથ ઝોન ખાતે અરજી કરેલ હતી. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથ ઝોન(ઉધના)ના પત્ર ક્રમાક સા.ઝોન/ટેક/૨૬૦૦, તા.૧૭/૦૩/૨૦૨૧ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૮૩૫ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અંશતઃ માહિતી માટે નિયત નમુના–ઘ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૧૪,તા.૨૦/૦૩/૨૦૨૧ થી મધ્યસ્થ મહેકમ અને સુમન મા. શાળા સેલને તબદીલ કરવામાં આવેલ છે, સદર અરજી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૯, તા.૧૨/૦૪/૨૦૨૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પ્રથમ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ મધ્યસ્થ મહેકમ,રીક્રુટમેન્ટ વિભાગમાં અરજી કરવામાં આવેલ છે. જે અત્રેના તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ છે,જે ઈનવર્ડ નં.૧૫૩ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૨/૦૪/૨૦૨૧ ના રોજના નિર્ણયથી અધુરી અને ઈરાદાપૂર્વકની તદન ખોટી માહિતી આપવના સંદર્ભમાં " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " તા.૨૭/૦૨/૨૦૧૭ની જાહેરાતના અનુસંધાને મરાઠી માધ્યમના તમામ વિષયોના ટેટ વગરના શિક્ષકોની ભરતી કયાં નિયમ મુજબ કરવામાં આવેલ છે. TAT વગરની ભરતી કરી શકાય કે નહી? તા.૨૭/૦૨/૨૦૧૭ની જાહેરાતના અનુસંધાને મરાઠી માધ્યમના ગણિત વિષયની જાહેરાતમાં(અ.જા.–૨,અ.જ.જા.–૨, અ.જ.જા.મહિલા ૧, બિન અનામત–૫) આવી જગ્યાઓ દર્શાવવામાં આવેલ હતી. પરંતુ તમામ જગ્યાઓ બિન અનામતની ભરતી કરવામાં આવેલ છે વિગેરે માહિતીની " માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી માંગવામા આવેલ માહિતી પૈકી અંશતઃ માહિતી માટે નિયત નમુના –ઘ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૧૪૧૪, તા.૨૦/૦૩/૨૦૨૧થી મધ્યસ્થ મહેકમ અને સુમન મા.શાળા સેલમાં તબદીલ કરવામાં આવેલ છે. તેમજ અત્રેના વિભાગને લાગત માહિતી અન્વયે નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/ આર/૨૯, તા.૧૨/૦૪/૨૦૨૧ થી પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ ઈએસટી/ આર/૬૪, તા.૨૬/૦૪/૨૦૨૧ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૮, તા.૨૮/૦૪/૨૦૨૧ થી જરૂરી પૂર્તતા અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત મુદ્દા E ,F અને I મા માંગવામા આવેલ માહિતી આર.ટી.આઈ. એકટ અન્વયે રેકર્ડ આધારિત ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ હોય, અરજદારશ્રી ધ્વારા પ્રશ્નોત્તરી / સ્પષ્ટતા માંગવામાં આવેલ છે. એમ જણાવવામાં આવેલ છે. મુદ્દા G માં માંગવામાં આવેલ માહિતી બાબતે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા ફકત ગુજરાતી,હિન્દી ,અંગ્રેજી માધ્યમમાં જ TAT પરીક્ષા લેવામાં આવે છે. અન્ય માધ્યમમાં TAT પરીક્ષા લેવામાં આવતી નથી. મુદ્દા H માં માંગવામાં આવેલ માહિતી બાબતે તા.૨૭/૦૨/૨૦૧૭ની જાહેરાત અન્વયે મરાઠી માધ્યમના ગણિત વિષયમાં અનુસૂચિત જાતિ,અનુસૂચિત જન જાતિના

ઉમેદવાર ઉપલબ્ધ ન હોવાથી ભરતી કરવામાં આવેલ નથી, જયારે બિન અનામતના ઉમેદવારો ઉપલબ્ધ થતા તેઓની ભરતી કરવામાં આવેલ છે. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૮૩,તા.૨૯/૦૪/૨૦૨૧ થી અરજદારશ્રીને તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨ઃ૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૧૨ઃ૦૦ કલાકે હાજર રહેલ છે. અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર) અને આસી.લો અફિસર અને જાહેર માહિતી અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં આપ સાહેબ ધ્વારા આપવામા આવેલ માહિતી ખોટી આપવામાં આવેલ છે એટલે હું આપશ્રી જવાબ ધ્વારા નારાજ છુ. મને પુરેપુરી માહિતી આપવા માટે આપશ્રીને નમ્ર વિનંતી છે. મુદ્દા નં.G અને H માં આપવામાં આવેલી માહિતી મને અસંતુષ્ઠકારક છે. અને G માં આપવામાં આવેલી માહિતી ખોટી છે.'' એમ જણાવેલ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારશ્રી મનોહર રઘુનાથ પાટિલ દ્વારા તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ કરાયેલ અપીલ અત્રેના ખાતાને તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ, સુનાવણી દરમ્યાન અત્રેથી આપવામાં આવેલ જવાબ તથા તેમના સવાલ સબબે કાયદીય જોગવાઈ મુજબ સમજ આપવામાં આવેલ છે.પરંતુ અરજદારશ્રીને સુનાવણીમાં આપવામાં આવેલ માહિતીથી અસંતોષ છે.એમ જણાવેલ છે.પરંતુ અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અત્રેથી યોગ્ય અને નીતિ નિયમોનુસાર માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય, આમ અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૫૩
સુરત. તા. ૧૯/૦૫/૨૦૨૧

( રવિ એન.શાહ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)અને
આસી. લો ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨ ) શ્રી મનોહર રઘુનાથ પાટિલ પ્રતિ..... જાણ સારૂ.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા,**<br>**મહાનગર સેવા સદન,**<br>**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.** | |

**અપીલ અરજી નં. ૦૨/૨૦૨૧–૨૨**

**અરજદાર :–** શ્રી તારાતારીણી આર્શીવાદ સાહુ
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય :– અરજદાર શ્રી તારાતારીણી આર્શીવાદ સાહુની તા.૦૮/૦૩/૨૦૨૧ મુળ અરજી આઈ.ડી.નં.૨૫૬૧ સંદર્ભે કરેલ અપીલ બાબત .

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૭/૦૪/૨૦૨૧ ની અપીલ અરજી નં.૦૨.

અરજદાર શ્રી તારાતારીણી આર્શીવાદ સાહુની મુળ આઈ.ડી. નં.૨૫૬૧, તા.૦૮/૦૩/૨૦૨૧ જાહેર માહિતી અધિકારીશ્રી, સુમન સેલ વિભાગ,સુરત મહાનગરપાલિકાને સંબોધીને સુમન સેલ વિભાગમાં અરજી કરેલ હતી. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, સુમન મા. શાળા સેલના પત્ર ક્રમાક સુમન/મા.શાળા સેલ/૬૪૪, તા.૧૨/૦૩/૨૦૨૧ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૮૧૯ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૦૮, તા.૦૫/૦૪/૨૦૨૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પ્રથમ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૭/૦૪/૨૦૨૧ ના રોજ મધ્યસ્થ મહેકમ,રીક્રુટમેન્ટ વિભાગમાં અરજી કરવામાં આવેલ છે. જે અત્રેના તા.૨૭/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ છે,જે ઈનવર્ડ નં.૧૮૪ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગેલી માહિતીનો જવાબ અસંતોષકારક હોય તે કારણસર આ અપીલ કરવાની ફરજ પડેલ છે. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " તા.૧૯/૧૧/૨૦૧૯ના રોજ ઓન લાઈન એપલીકેશન નં.૦૨૯૮/ ૧૧૧૧૧૯/ ૬૨૦/ ૦૦૩૧૫૪ પ્રમાણે,કોડ નં.૬૨૦–આસીસ્ટન્ટ ટીચર ઓડીઆ માઘ્યમ માટે સુમન હાઈસ્કુલ ટીચર પોસ્ટ બાબતે ઓન લાઈન તમામ જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરેલ હતી.જે બાબતે આજ દીન સુધી કોઈ સુચના કે હુકમ અમોને મળેલ નથી જે બાબતે સદર અરજીનો જે કામગીરી ચાલે છે તેની સંપુર્ણ માહીતીની " માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/ આર/૦૮, તા.૦૫/૦૪/૨૦૨૧ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ ઈએસટી/ આર/૮૬, તા.૩૦/૦૪/૨૦૨૧ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૭, તા.૦૧/૦૫/૨૦૨૧ ના જરૂરી પૂર્તતા અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૮/૦૩/૨૦૨૧ ની આઈ.ડી.નં.૨૫૬૧ માંગવામાં આવેલ તા.૧૯/૧૧/૨૦૧૯ ના રોજ ઓન લાઈન એપલીકેશન નં.૦૨૯૮/ ૧૧૧૧૧૯/ ૬૨૦/ ૦૦૩૧૫૪ પ્રમાણે કોડ નં.૬૨૦–આસીસ્ટન્ટ ટીચર ઓડીઆ માઘ્યમ માટે સુમન હાઈસ્કુલ ટીચર પોસ્ટ બાબતે ઓન લાઈન તમામ જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરેલ હતી. જે બાબતે આજ દીન સુધી કોઈ સુચના કે હુકમ અમોને મળેલ નથી જે બાબતે સદર અરજીનો જે કામગીરી ચાલે છે તેની સંપુર્ણ માહીતી અન્વયે અરજદારશ્રીને આસી. ટીચર ઓડીઆની ભરતી પ્રક્રિયા હાલમાં પ્રગતિ હેઠળ હોય, કાયદાની કલમ–૮(૧) (ટ) મુજબ સદર માહિતી આપી શકાય નહિ. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૯૨,તા.૦૩/૦૫/૨૦૨૧ થી અરજદારશ્રીને તા.૨૧/૦૫/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૨૧/૦૫/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૧૨:૦૦ કલાકે હાજર રહેલ છે. અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં અરજદારને આપવામાં આવેલ માહિતીની સમજ આપવામાં આવેલ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં  અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારશ્રી તારાતારીણી આશીર્વાદ સાહુ દ્વારા તા.૨૭/૦૪/૨૦૨૧ ના રોજ કરાયેલ અપીલ અત્રેના ખાતાને તા.૨૭/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી  તા.૨૧/૦૫/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ, સુનાવણી દરમ્યાન અત્રેથી આપવામાં  આવેલ જવાબ તથા તેમના સવાલ સબબે કાયદાકીય જોગવાઈ બાબતે જરૂરી સમજ આપવામાં આવેલ છે. આમ  અરજદારશ્રીને  જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા  અત્રેથી  યોગ્ય અને નીતિ નિયમોનુસારની માહિતી /પૂર્તતા  પુરી પાડવામાં આવેલ હોય,   આમ  અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી  જણાતુ નથી.  સબબ, સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય  મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૮૪
સુરત. તા.૨૬/૦૫/૨૦૨૧

( રવિ  એન.શાહ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)અને
આસી. લો ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧)	જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ  માટે.
(૨ )	શ્રી  તારાતારીણી  આર્શીવાદ સાહુ, પ્રતિ.....  જાણ  સારૂ.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા,**<br>**મહાનગર સેવા સદન,**<br>**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.** | |

**અપીલ અરજી નં. ૦૪/૨૦૨૧–૨૨**

**અરજદાર :–** શ્રી પંકજ કાંતિભાઈ બવાડીયા
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય :– અરજદાર શ્રી પંકજ કાંતિભાઈ બવાડીયાની તા.૦૭/૦૬/૨૦૨૧ મુળ અરજી આઈ.ડી.નં.૧૨૯ સંદર્ભે કરેલ અપીલ બાબત .
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૨/૦૭/૨૦૨૧ ની અપીલ અરજી નં.૦૪.

અરજદાર શ્રી પંકજ કાંતિભાઈ બવાડીયાની મુળ આઈ.ડી. નં.૧૨૯, તા.૦૭/૦૬/૨૦૨૧ જાહેર માહિતી અધિકારીશ્રી, ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ માનદરવાજા, સુરતને સંબોધીને અરજી કરેલ હતી. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડે.ચીફ ફાયર ઓફિસર,ફાયર ઈમરજન્સી સર્વિસીસ વિભાગના પત્ર ક્રમાક એફઈએસ/આરટીઆઈ/આઉટવર્ડ નં.૨૧૮,તા.૧૦/૦૬/૨૦૨૧ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૧૧/૦૬/૨૦૨૧ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૪૨૯ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના વિભાગને લાગત અંશતઃ માહિતી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૬૧, તા.૦૩/૦૭/૨૦૨૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પર્સોનેલ ઓફિસરશ્રી(આર), સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોનમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે અત્રેના તા.૧૯/૦૭/૨૦૨૧ ના રોજ મળેલ છે,જે ઈનવર્ડ નં.૮૭૮ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " તા.૦૩/૦૭/૨૦૨૧ ના રોજની અરજીનો અપૂર્ણ /અસંગત જવાબ મળેલ હોવાથી અપીલ કરવામાં આવેલ છે. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં અવેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત " સુરત શહેરમાં વર્ષ ૨૦૨૧ માં ફાયરના સબ ઓફિસરની ભરતી પ્રક્રિયા ચાલુ છે તેમાં ફાયર વિભાગના કેટલા અધિકારીને ભરતી બાબતની કામગીરી સોંપવામાં આવેલ છે. તે અંગેના ઓર્ડર કોપી તેમજ વિડીયો રેકોર્ડીગ સાથેની માહિતીની " માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/ આર/૩૬૧, તા.૦૩/૦૭/૨૦૨૧ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ ઈએસટી/ આર/૪૬૫, તા.૨૩/૦૭/૨૦૨૧ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૭૧, તા.૨૬/૦૭/૨૦૨૧ ના જરૂરી પૂર્તતા અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૭/૦૬/૨૦૨૧ ની આઈ.ડી.નં.૧૨૯ માંગવામાં આવેલ વર્ષ ૨૦૨૧ માં ફાયર વિભાગની સબ ઓફિસરની ભરતી પ્રક્રિયામાં ભરતી બાબતની કામગીરી અંગેના ઓર્ડરની કોપી તેમજ વિડીયો રેકોર્ડીંગની માહિતીમાં અધિકારી/ કર્મચારીઓની ઓળખ છતી થાય તેમ હોય માહિતી અધિકાર અધિનિયમ– ૨૦૦૫ ની કલમ ૮ (૧)(જ) મુજબ આપી શકાય તેમ નથી. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૪૭૯,તા.૨૬/૦૭/૨૦૨૧ થી અરજદારશ્રીને તા.૦૬/૦૮/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૦૬/૦૮/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૧૨:૦૦ કલાકે હાજર રહેલ છે. પરંતુ વહીવટી કામગીરીના કારણે મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તા.૦૬/૦૮/૨૦૨૧ ના રોજ હાજર ન રહેલ હોય તા. ૦૭/૦૮/૨૦૨૧ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ, સદર તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં અરજદારે સબ ફાયર ઓફિસરની ભરતી બાબતની કામગીરી કયા અધિકારીઓને કયા કયા વિભાગને અને કોના

ઓર્ડરથી સોંપવામાં આવેલ હતી તેની ઓર્ડર કોપી આપવી તેમજ વીડીયોગ્રાફીમાં કોઈ પણ જાહેરહિતનો ભંગ થતો ન હોય એવુ મને લાગી રહયુ છે તેથી દફતરી ચોપડે રહેલી તમામ માહિતી આપવા વિનંતી એમ જણાવેલ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારશ્રી પંકજ કાંતિભાઈ બવાડીયા દ્વારા તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ કરાયેલ અપીલ અત્રેના ખાતાને તા.૧૯/૦૭/૨૦૨૧ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ, સુનાવણી દરમ્યાન અત્રેથી આપવામાં આવેલ જવાબ તથા તેમના સવાલ સબબે કાયદાકીય જોગવાઈ બાબતે જરૂરી સમજ આપવામાં આવેલ છે. આમ અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અત્રેથી યોગ્ય અને નીતિ નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય, આમ અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. સબબ, સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૫૪૪
સુરત. તા. ૧૦ /૦૮/૨૦૨૧

( રવિ એન.શાહ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)અને
આસી. લો ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨ ) શ્રી પંકજ કાંતિભાઈ બવાડીયા પ્રતિ..... જાણ સારૂ.

એ.એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(આર)
અને
ડેપ્યુટી એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૫/૨૦૨૧–૨૨**

**અરજદાર :–** શ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્સી
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્સી તા.૩૧/૦૮/૨૦૨૧ મુળ અરજી આઈ.ડી.નં.૧૪૪૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદાર મજકુરની તા.૦૮/૧૦/૨૦૨૧ ની અપીલ અરજી નં.૦૫.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૮૫, તા.૧૬/૧૦/૨૦૨૧.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/ ૮૯૬, તા.૨૦/૧૦/૨૦૨૧.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં. જીએડી/ઈએસટી/ આર/૯૦૧,તા.૨૧/૧૦/૨૦૨૧.
(૫) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ જીએડી/ઈએસટી/ આર/૯૩૫, તા.૦૨/૧૧/૨૦૨૧

અરજદાર શ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્સીની મુળ આઈ.ડી. નં.૧૪૪૫, તા.૩૧/૦૮/૨૦૨૧ માન.મ્યુનિ.કમિશનર સાહેબશ્રી/મધ્યસ્થ મહેકમ,સુરત મહાનગરપાલિકા સુરતને સંબોધીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનમાં અરજી કરેલ હતી. સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર ક્રમાક સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટવર્ડ૧૪૪૫, તા.૦૧/૦૯/૨૦૨૧ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૨૧૧ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના વિભાગને લાગત અંશતઃ માહિતી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૬૬,૭૬૭, તા.૨૪/૦૯/૨૦૨૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે મધ્યસ્થ મહેકમ વિભાગીય અધિકારી,મધ્યસ્થ મહેકમ વિભાગ સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૫/૧૦/૨૦૨૧ની પ્રથમ અપીલ અરજી તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનમાં કરવામાં આવેલ છે. જે નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્રક્રમાક સી.સી.સી./સી.ઝેડ/આઉટ વર્ડ નં.૪૩૦,તા.૦૭/૧૦/૨૦૨૧ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ મળેલ છે, જે ઈનવર્ડ નં.૧૮૮૭ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " માંગેલ માહિતી મળેલ નથી." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં અવેલ માહિતી પૈકી અત્રેના ખાતાને લાગત " સુરત મહાનગપાલિકામાં વર્ષ ૨૦૧૮માં આસી.એન્જીનીયર(સીવીલ)ની ભરતી પ્રક્રિયા વિશે વિવિધ માહિતીની " માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી અંશતઃ માહિતી માટે નિયત નમુના –ખ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૭૬૭, તા.૨૪/૦૯/૨૦૨૧ થી દસ્તાવેજો માટેની ફી જમા અંગેની જાણ કરવામાં આવેલ તેમજ અંશતઃ માહિતી નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/આર/૭૬૬, તા.૨૪/૦૯/૨૦૨૧ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૮૮૫, તા.૧૬/૧૦/૨૦૨૧ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ ઈએસટી/આર/૮૯૬, તા.૨૦/૧૦/૨૦૨૧થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૩૧/૦૮/૨૦૨૧ ની આઈ.ડી.નં.૧૪૪૫ અન્વયે સુરત મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૧૮ માં આસી. એન્જીનીયર (સીવીલ) ની ભરતી બાબતે મુદ્દા નં.૧,૨,૩,૪,૫,૬,૭,૧૦,૧૧ અને ૧૬ માં માંગવામાં આવેલ માહિતીનો આર.ટી.આઈ.એકટના નિયમો અનુસાર માહિતી/પૂર્તતા પાઠવવામાં આવેલ છે. તેમજ મુદ્દા નં.૮ અને ૯ માં માંગવામાં આવેલ માહિતી /દસ્તાવેજો મેળવવા માટે નકલ પાના નંગ–૧૫ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા. ૩૦/– (અંકે ત્રીસ રૂપિયા પુરા) ભરપાઈ કરવાનો પત્ર પાઠવેલ છે. પરંતુ અરજદારશ્રીએ પત્ર સંબંધે આજદિન સુધી કોઈ ચાર્જીસ જમા કરવામાં આવેલ નથી એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૯૦૧, તા.૨૧/૧૦/૨૦૨૧ થી અરજદારશ્રીને તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ સદર દિવસે અત્રેના વિભાગને સમય અનુકૂળ ન થતા અરજદારશ્રીને ટેલીફોનિક જાણ કરવામાં આવેલ તથા અત્રેથી સદર અપીલ અન્વયે નવો સમય/તારીખની જાણ કરવામાં આવશે એમ જણાવવામાં આવેલ. આમ અરજદારશ્રીને ફરીથી અત્રેથી પત્રક્રમાંક જીએડી/ઈએસટી/આર/૯૩૫,તા.૦૨/૧૧/૨૦૨૧ થી તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામા આવેલ, પરંતુ અરજદારશ્રી તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી. તેમજ પત્ર સંબંધિત કોઈ લેખિત રજુઆત કરેલ નથી.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીના જવાબને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્સી દ્વારા તા.૦૮/૧૦/૨૦૨૧ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી. આમ અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા યોગ્ય અને નીતિ નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય, આમ પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. સબબ, સદર અરજદારની સંદર્ભ –૧ હેઠળની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૯૯૬
સુરત. તા.૨૩ /૧૧/૨૦૨૧

( એ.એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)અને
ડેપ્યુટી એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨ ) શ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્સી પ્રતિ..... જાણ સારૂ.

એ.એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ
ઓફિસર(આર) અને
ડેપ્યુટી એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૬/૨૦૨૧–૨૨**

**અરજદાર :–** શ્રી પ્રફુલભાઈ ધર્મેશભાઈ સોલંકી
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રીપ્રફુલભાઈ ધર્મેશભાઈ સોલંકીની તા.૩૧/૦૮/૨૦૨૧ મુળ અરજી આઈ.ડી.નં.૧૪૪૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદાર મજકુરની તા.૧૮/૧૦/૨૦૨૧ ની અપીલ અરજી નં.૦૬.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૩૬, તા.૦૨/૧૧/૨૦૨૧.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૯૩૯, તા.૦૨/૧૧/૨૦૨૧.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં. જીએડી/ ઈએસટી/ આર/૯૪૩,તા.૦૩/૧૧/૨૦૨૧

અરજદાર શ્રી પ્રફુલભાઈ ધર્મેશભાઈ સોલંકીની મુળ આઈ.ડી. નં.૬૧૭,તા.૨૧/૦૮/૨૦૨૧ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને નાગરિક સુવિધા કેન્દ્ર, સાઉથ ઝોન સુરત ખાતે અરજી કરેલ હતી. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડે.ચીફ ફાયર ઓફિસર,ફાયર ઈમરજન્સી સર્વિસીસ વિભાગના પત્ર ક્રમાક એફઈએસ/આરટીઆઈ/આઉટવર્ડ નં.૬૨૫,તા.૦૨/૦૯/૨૦૨૧ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૨૧૭ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૩૨, તા.૧૭/૦૯/૨૦૨૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પર્સોનેલ ઓફિસરશ્રી(આર), સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૬/૧૦/૨૦૨૧ની પ્રથમ અપીલ અરજી નાગરિક સુવિધા કેન્દ્ર,સાઉથ ઝોન ખાતે કરવામાં આવેલ છે. જે પ્રથમ અપીલ અરજી નં.૧૭૩,તા.૧૮/૧૦/૨૦૨૧ પત્રનં. સા.ઝોન/આ/૧૮૨૪,તા. ૨૮/૧૦/૨૦૨૧ થી અત્રેના વિભાગમાં તકદીલ કરવામાં આવેલ જે તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ મળેલ છે,જે ઈનવર્ડ નં.૨૦૫૦ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " માહિતી અધિકારીએ નિશ્રિત સમય મર્યાદામાં માહિતી પુરી પાડેલ ન હોય તથા યોગ્ય જવાબ પણ આપેલ ન હોવાથી અપીલ કરેલ છે. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં ડ્રાઈવર કમ પમ્પ ઓપરેટર અને ડ્રાઈવરો પાસે કયા પ્રકારની કામગીર કરવામાં આવે છે તેમજ તેઓને આપવામાં આવતા બેઝીક ગ્રેડ પેની માહિતી તથા ડાઈવર કમ પમ્પ ઓપરેટરની પોસ્ટ નાબુદ કરી ફકત ડ્રાઈવર કયારે કરવામાં આવી વિગેરે માહિતીની " માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/ આર/૭૩૨, તા.૧૭/૦૯/૨૦૨૧ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ ઈએસટી/ આર/૯૩૬, તા.૦૨/૧૧/૨૦૨૧ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૩૯, તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ જરૂરી પૂર્તતા

અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૧/૦૮/૨૦૨૧ ની આઈ.ડી.નં.૬૧૭ અન્વયે માંગવામાં આવેલ સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં ડ્રાઈવર કમ પમ્પ ઓપરેટર અને ડ્રાઈવરો પાસે કયા પ્રકારની કામગીર કરવામાં આવે છે તેમજ તેઓને આપવામાં આવતા બેઝીક ગ્રેડ પે ની માહિતી તથા ડાઈવર કમ પમ્પ ઓપરેટરની પોસ્ટ નાબુદ કરી ફકત ડ્રાઈવર કયારે કરવામાં આવી માહિતી અત્રેના વિભાગના અધિકારક્ષેત્રને સ્પર્શતી ન હોય માહિતી "નીલ" છે. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૯૪૩,તા.૦૩/૧૧/૨૦૨૧ થી અરજદારશ્રીને તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૧૨:૦૦ કલાકે હાજર રહેલ નથી તેમજ સુનાવણીના પત્ર સંબધિત કોઈ લેખિત રજુઆત કરેલ નથી.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીના જવાબને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી પ્રફુલભાઈ ડી.સોલંકી દ્વારા તા.૧૮/૧૦/૨૦૨૧ ના રોજ કરાયેલ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી આમ અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ નથી. અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા યોગ્ય અને નીતિ નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય, આમ પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. સબબ, સદર અરજદારની સંદર્ભ–૧ હેઠળની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૯૯૫
સુરત. તા.૨૩/૧૧/૨૦૨૧

(એ.એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)અને
ડેપ્યુટી એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)................જાણ માટે.
(૨) શ્રી પ્રફુલ ધર્મેશભાઈ સોલંકી–શોપ નં.–૨,બી/૪૨,ચંદનવન સોસાયટી,ટી.ડી.વશી સ્કુલની સામે,ઉધના સુરત–૩૯૪૨૧૦(મો.નં. ૮૮૬૬૧૮૧૦૦૧) પ્રતિ..... જાણ સારૂ.

એ.એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ
ઓફિસર(આર) અને
ડેપ્યુટી એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૭/૨૦૨૧–૨૨**

**અરજદાર :–** શ્રી વિલાસભાઈ સુભાષભાઈ પાટીલ.
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી વિલાસભાઈ સુભાષભાઈ પાટીલની તા.૧૮/૧૧/૨૦૨૧ મુળ અરજી આઈ.ડી.નં.૩૭૯ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદાર મજકુરની તા.૨૩/૧૨/૨૦૨૧ ની અપીલ અરજી નં.૦૭.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૪૫, તા.૨૭/૧૨/૨૦૨૧.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૧૧૪૭, તા.૨૭/૧૨/૨૦૨૧.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં. જીએડી/ ઈએસટી/ આર/૧૧૫૭,તા.૨૮/૧૨/૨૦૨૧.

અરજદાર શ્રી વિલાસભાઈ સુભાષભાઈ પાટીલની મુળ આઈ.ડી. નં.૩૭૯, તા.૧૮/૧૧/૨૦૨૧ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મધ્યસ્થ કચેરી સુરત ખાતે અરજી કરેલ હતી. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક,મધ્યસ્થ કચેરીના પત્ર ક્રમાક સી./આર.ટી.આઈ/૩૭૯,તા.૨૦/૧૧/૨૦૨૧ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૨૨/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૨૬૭ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૯૬, તા.૧૬/૧૨/૨૦૨૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પર્સોનેલ ઓફિસરશ્રી(આર), સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૨/૧૨/૨૦૨૧ની પ્રથમ અપીલ અરજી મધ્યસ્થ મહેકમ(રીક્રુટમેન્ટ)વિભાગમાં કરવામાં આવેલ છે. જે પ્રથમ અપીલ અરજી અત્રેના વિભાગમાં તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ મળેલ છે,જે ઈનવર્ડ નં.૨૬૫૫ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " માહિતી અધિકારીએ યોગ્ય જવાબ તથા આજ દિન સુધી માહિતી આપેલ નથી. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી મ્યુનિ. કમિશનરની જગ્યા માટે આવેલ કુલ અરજી, કુલ કેટલા ઉમેદવારો યોગ્યતા ધરાવતા ઉમેદવારોની સર્ટીફાઈડ નકલ જેવી વિવિધ માહિતીની" માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/ આર/૧૦૯૬, તા.૧૬/૧૨/૨૦૨૧ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ ઈએસટી/ આર/૧૧૪૫, તા.૨૭/૧૨/૨૦૨૧ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૪૭, તા.૨૭/૧૨/૨૦૨૧ ના રોજ જરૂરી પૂર્તતા અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૮/૧૧/૨૦૨૧ ની આઈ.ડી.નં.૩૭૯ અન્વયે માંગવામાં આવેલ સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી મ્યુનિ. કમિશનરની જગ્યા માટે આવેલ કુલ અરજી, કુલ કેટલા ઉમેદવારો યોગ્યતા ધરાવતા ઉમેદવારોની સર્ટીફાઈડ નકલ તેમજ જાહેરાત અંગે જે કાર્યવાહી કરવામાં આવેલ તેની સર્ટીફાઈડની

નકલની માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૧૧૫૭,તા.૨૮/૧૨/૨૦૨૧ થી અરજદારશ્રીને તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેલ નથી તેમજ સુનાવણીના પત્ર સંબધિત કોઈ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીના જવાબને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વિલાસ સુભાષભાઈ પાટીલ દ્વારા તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી, આમ અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ નથી. અરજદારશ્રીને મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આર.) ધ્વારા યોગ્ય અને નીતિ નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય, આમ પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. સબબ, સદર અરજદારની સંદર્ભ–૧ હેઠળની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૨૨૯
સુરત. તા.૧૨ /૦૧/૨૦૨૨

( એ.એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)અને
ડેપ્યુટી એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨ ) શ્રી વિલાસભાઈ સુભાષભાઈ પાટીલ પ્રતિ..... જાણ સારૂ.

એ.એચ.ભટ્ટ
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ
ઓફિસર(આર) અને
ડેપ્યુટી એકાઉન્ટન્ટ

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૮/૨૦૨૧–૨૨**

અરજદાર :– શ્રી કેવીનભાઈ એ.રૈયાણી.
સામાવાળા :– સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી કેવીનભાઈ એ.રૈયાણીની તા.૨૧/૧૦/૨૦૨૧ મુળ અરજી આઈ.ડી.નં.૩૫૨ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદાર મજકુરની તા.૦૭/૦૧/૨૦૨૨ ની અપીલ અરજી નં.૦૮.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૩૬, તા.૧૭/૦૧/૨૦૨૨.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૩૮, તા.૧૭/૦૧/૨૦૨૨.
(૪) અરજદારશ્રીને સુનાવણીમાં હાજર રહેવા અંગે પાઠવેલ પત્રનં. જીએડી/ ઈએસટી/ આર/૧૨૫૧,તા.૨૦/૦૧/૨૦૨૨.

અરજદાર શ્રી કેવીનભાઈ એ.રૈયાણીની મુળ આઈ.ડી. નં.૩૫૨,તા.૨૧/૧૦/૨૦૨૧ જાહેર માહિતી અધિકારીશ્રી અને મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ અધિક્ષક, રાજકોટ મધ્યસ્થ જેલના પત્ર નં.આર.ટી.આઈ./આઈ.ડી./૧૭૨/ ૯૦૭૬/૨૦૨૧, તા.૧૨/૧૦/૨૦૨૧ થી મધ્યસ્થ કચેરી,સુરત મહાનગરપાલિકા ખાતે તબદીલ કરવામાં આવેલ છે. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી)ના પત્ર નં.સી./આર.ટી.આઈ./૩૫૨,તા.૨૫/૧૦/૨૦૨૧ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં તબદીલ કરવામાં આવેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૦૦૮,તા. ૨૫/૧૦/૨૦૨૧ થી નોંધાયેલ, આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૮૪, તા.૦૯/૧૨/૨૦૨૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પ્રથમ અપીલ અરજી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે કરવામાં આવેલ જે અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ અધિક્ષક,રાજકોટ મધ્યસ્થ જેલના પત્ર નં.આર.ટી.આઈ. /આઈ.ડી./૧૭૨/૪૭/૨૦૨૧, તા.૨૭/૧૨/૨૦૨૧ થી મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે તબદીલ કરવામાં આવેલ છે. જે મધ્યસ્થ કચેરી વિભાગમાં તા. ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિટેન્ડેન્ટશ્રી(મધ્યસ્થ કચેરી)ના પત્ર નં.સી./એફ.એ.પી./૫૨, તા.૧૦/૦૧/૨૦૨૨ થી અત્રે તબદીલ કરવામાં આવેલ છે, જે તા.૧૩/૦૧/૨૦૨૨ ના રોજ મળેલ છે, જે ઈનવર્ડ નં.૨૮૯૭ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબકકે " સુરત મહાનગર પાલિકાની આસી.ઈજનેર(ઈલે.)ની જગ્યા માટે તા.૦૩/૦૧/૨૦૧૬ ના રોજ યોજવામાં આવેલ લેખિત પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારોની માર્કસ વાઈઝ માહિતી અને મેરીટ લીસ્ટ કેટલા માર્કસનો કટ ઓફ રહેલ છે તેમજ કેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવેલ ? તેની માહિતી આપેલ નથી. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા " સુરત મહાનગરપાલિકાના જાહેરાત નં. પી.આર. ઓ./૩૫૬/૨૦૧૪–૨૦૧૫, તા.૧૩/૧૦/૨૦૧૪ અનવયે અ.નં. ૮ ના (૨૦૩) આસી.ઈજનેર (ઈલે.)ની તા.૦૩/૦૧/૨૦૧૬ના રોજ લેવાયેલ પરિણામની નકલની માહિતીની " માંગણી કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન

ઓફિસર, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી /ઈએસટી/ આર/૧૦૮૪, તા.૦૯/૧૨/૨૦૨૧ થી પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ ઈએસટી/ આર/૧૨૩૬, તા.૧૭/૦૧/૨૦૨૨ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૩૮, તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ જરૂરી પૂર્તતા અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૧/૧૦/૨૦૨૧ ની આઈ.ડી.નં.૩૫૨ અન્વયે માંગવામાં આવેલ આસી. ઈજનેર (ઈલે.) ભરતી અન્વયે તા.૦૩/૦૧/૨૦૧૬ ના રોજ લેવાયેલ લેખિત પરીક્ષાનું પરીણામની માહિતીની નકલ મેળવવા અરજદારશ્રીને પાના નંગ ૧૭ પાના દીઠ રૂ.૨/– લેખે કુલ રૂ. ૩૪/– (અંકે ચોત્રીસ રૂપિયા પુરા) ચાર્જીસ જમા અંગેનો પત્ર અત્રેથી જીએડી/ઈએસટી/૯૮૬, તા.૨૦/૧૧/૨૦૨૧ થી પાઠવેલ, સદર પત્ર અન્વયે અરજદારશ્રીએ માહિતી/દસ્તાવેજોની નકલ મેળવવા સુરત મહાનગરપાલિકા મુગલીસરા,સુરતના નામનો અસલ ભારતીય પોસ્ટલ ઓર્ડર નં.૫૧જી ૮૫૯૦૦૦ તા. ૨૫/૧૧/૨૦૨૧ થી રૂ.૫૦/–(રૂપિયા પચાસ પુરા) ટપાલ મારફતે અત્રે મોકલવામાં આવેલ, જે તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ,જે નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે રસીદ નં.૩૦૦/૮૦, તા.૦૧/૧૨/૨૦૨૧ થી રૂ.૫૦/–(અંકે રૂપિયા પચાસ પુરા) જમા કરવામાં આવેલ છે.જેના સંદર્ભે મધ્યસ્થ મહેકમ(રીક્રુટમેન્ટ) વિભાગના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૧૦૮૪, તા.૦૯/૧૨/૨૦૨૧ થી માહિતી/દસ્તાવેજો નકલ પાના નંગ ૧૮ અરજદારશ્રીને પુરા પાડવામાં આવેલ છે.એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની અપીલ સંદર્ભે અત્રેના પત્રક્રમાક જીએડી/ઈએસટી/આર/૧૨૫૧,તા.૨૦/૦૧/૨૦૨૨ થી અરજદારશ્રીને તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે ૧૨:૩૦ કલાકે હાજર રહેલ નથી તેમજ સુનાવણીના પત્ર સંબધિત કોઈ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીના જવાબને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી કેવીનભાઈ એ.રૈયાણી દ્વારા તા.૦૭/૦૧/૨૦૨૨ ના રોજની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૩/૦૧/૨૦૨૨ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી, તેમજ સુનાવણીના પત્ર સંબધિત આજદીન સુધી કોઈ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી. આમ અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ નથી. અરજદારશ્રીને મધ્યસ્થ મહેકમ(રીક્રુટમેન્ટ) વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આર.) ધ્વારા યોગ્ય અને નીતિ નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય, આમ પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. સબબ, સદર અરજદારની સંદર્ભ–૧ હેઠળની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૩૪૯
સુરત. તા.૦૨/૦૨/૨૦૨૨

(એ.એચ.ભટ્ટ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)અને
ડેપ્યુટી એકાઉન્ટન્ટ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી કેવીન એ.રૈયાણી પ્રતિ..... જાણ સારૂ.